<u>તાત્કાલિક/અગત્યનું</u>

ક્ર:-બમશ-૧૧૧૭-૮૩-છ

ગુજરાત સરકાર.
શિક્ષણ વિભાગ,
બ્લોક.૫/૭મો માળ,
સચિવાલય,ગાંધીનગર.
તા.૨૭.૪.૨૦૧૭.

પ્રતિ,

૧. નિયામકશ્રી શાળાઓ,
ગાંધીનગર.

૨. નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ,
ગાંધીનગર.

૩. નિયામકશ્રી, જી.સી.આર.ટી.
ગાંધીનગર.

૪. સચિવશ્રી, ગુજ.મા.અને ઉ.મા.શિ.બોર્ડ

વિષય :- ફી નિયમન સમિતિ સમક્ષ આવેલ અરજી બાબત.

શ્રીમાન,

ઉપર્યુક્ત વિષય પરત્વે જણાવવાનું કે, રાજ્યમાં તા.૨૫.૪.૨૦૧૭થી ધી ગુજરાત સેલ્ફ ફાઈનાન્સ્ડ સ્કૂલ્સ( રેગ્યુલેશન ઓફ ફીઝ) એક્ટ-૨૦૧૭ અમલમાં આવેલ છે. આ અધિનિયમ તથા તે અંગેના નિયમો આ વિભાગની વેબસાઈટ http://guajarat-education.gov.in/education/e-citizen/act-rules.htm ઉપર મૂકવામાં આવેલ છે. તેના અમલ અંગે નીચેની બાબતો ધ્યાને લઈ સત્વરે કાર્યવાહી કરવા વિનંતી છે.

૧. આ એક્ટ અને નિયમોની અમલવારી શરૂ થઈ ગઈ હોવા અંગે સર્વે સંબંધિતોનું પ્રચાર માધ્યમો દ્વારા, બેઠકો કરી અથવા રૂબરૂ ધ્યાન દોરવાનું રહેશે. ઉલ્લેખનીય છે કે, આ નિયમો તા.૨૫.૪.૨૦૧૭થી અમલમાં આવેલ હોઈ, દિન-૩૦(ત્રીસ)માં અરજદાર સંસ્થાએ ફી નિર્ધારણ માટે અરજી કરવાની રહે છે.

૨. દરેક શાળાએ પૂર્વ પ્રાથમિક/પ્રાથમિક શાળાના ફી નિર્ધારણ માટે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીને જ્યારે માધ્યમિક/ઉચ્ચત્તર માધ્યમિક શાળાના ફી નિર્ધારણ માટે જિલ્લા શિક્ષણાધિકારીશ્રીને અલગ-અલગ અરજી(બે નકલમાં)કરવાની રહેશે.

૨..

૩. આ એક્ટ બાબતે શાળાઓએ રજૂ કરવાની દરખાસ્ત સ્વીકારવા ઉપરાંત વાલીઓની ફરિયાદ સ્વીકારવા માટે જે-તે જિલ્લાની જિલ્લા શિક્ષણાધિકારીશ્રી/ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીની કચેરીમાં સીંગલ વિન્ડો વ્યવસ્થા ઉભી કરવાની રહેશે.

૪. જે-તે ઝોનમાં ફી નિયમન સમિતિની મદદ માટે એક સ્કૃટીની સેલની રચના કરવાની જવાબદારી નિયામકશ્રી, જીસીઈઆરટીની રહેશે. જેમાં ડાયેટના અધિકારી/કર્મચારીઓની એક ટીમની રચના કરવાની રહેશે. જેની વ્યાપક જાહેરાત કરવાની રહેશે.આ સમિતિઓ નીચેના સરનામે કામગીરી બજાવશે.

(૧) જિલ્લા શિક્ષણ અને તાલિમ ભવન –અમદાવાદ.
ગોતા-ઓગણજ રોડ, મુ.ગોતા, એસ.જી.હાઈવે. અમદાવાદ-૩૮૨૪૮૧.

(૨) જિલ્લા શિક્ષણ અને તાલિમ ભવન- રાજકોટ.
ત્રિકોણબાગ પાસે, રાજકોટ-૩૬૦૦૦૧.

(3) જિલ્લા શિક્ષણ અને તાલિમ ભવન-સુરત
નવીનચંદ્ર મફતલાલ ઉદ્યાન રોડ, ભેસ્તાન. સુરત -૩૯૫૦૨૩.

(૪) જિલ્લા શિક્ષણ અને તાલિમ ભવન-વડોદરા.
કારેલીબાગ, વડોદરા- ૩૯૦૦૦૧.

૫. જિલ્લા કક્ષાએ આવતી દરેક દરખાસ્ત/ ફરિયાદને નોંધી તે અંગેની પહોંચ આપી, અલગ રજિસ્ટરમાં નોંધવાની રહેશે.

૬. આ નોંધાયેલી દરખાસ્ત/ફરિયાદ જે-તે ઝોનના સ્કૃટીની સેલને દિન-૨(બે)(working days)માં મોકલી આપવાની જવાબદારી જે-તે જિલ્લા શિક્ષણાધિકારીશ્રી/જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીની રહેશે.

૭. જે-તે ઝોનના જિલ્લા શિક્ષણાધિકારીશ્રીએ સમિતિના ચીફ કો-ઓર્ડીનેટર તરીકે ફરજ બજાવવાની રહેશે તથા સ્કૃટીની સેલએ તેઓના પરામર્શમાં કામગીરી કરવાની રહેશે.

(અજય ભટ્ટ)
નાયબ સચિવ

નકલ રવાના :-
સર્વે જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
સર્વે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી.